શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૧

અંક : ૯

## દિપાવલી

ટપક વાંચકોને દિપાવલીની હાર્દિક શુભકામના. સામાન્ય રીતે આપણે જોવા જઇએતો દિપાવલી એ મુખ્ય પાંચ દિવસનો તહેવાર છે. જેમાં ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતુ વરસ, ભાઇબીજ એ મુખ્ય છે.

ધનતેરસ : આ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. જેથી ઘરમાં મહાલક્ષ્મીનો વાસ રહે અને વરસો વરસ ધનની પ્રાપ્તી થતી રહે.

કાળીચૌદશ : ઘરના કંકાસ તથા મેલી વિદ્યા અને તાંત્રિક વિદ્યાથી બચવા આ દિવસે લોકો દિવસ આથમતા ચારરસ્તે જઇ ચારે દિશાએથી કંકાસને દૂર કરવા જાય છે.

દિવાળી : દિવાળી એટલે અજવાળાનો દિવસ. વિક્રમ સંવત વર્ષનો છેલ્લો દિવસ એટલે દિવાળી. વેપારીઓ આ દિવસે સરવૈયુ કાઢે છે તે જ રીતે આપણે પણ જુની વાતો ભુલી જઇ સુખ દુઃખનુ સરવૈયુ કાઢી નવા વર્ષની શરુઆત કરીએ અને જીવનમાં રોશની ફેલાવીએ.

બેસતુ વરસ : નવા વર્ષનો શુભ પ્રારંભ આ દિવસે થાય છે. લોકો નવા વસ્ત્રોની સાથોસાથ નવા કાર્યોની શરુઆત એકબીજાને હળીમળી મુબારક ભેટ અર્પણ કરી કરે છે. તો આપણે પણ જીવનમાં ધ્યેય બનાવી તેને સિધ્ધ કરવા અને કંઇક સારુ કરવાની ભાવનાના સંકલ્પ સાથે નવા વર્ષની શરુઆત કરીએ.

ભાઇ બીજ : ભગવાન શ્રીકૃષ્ણની પત્નિ યમી પોતાના ભાઇ યમને જમવા માટે આમંત્રિત કરે છે જેમાં યમને કોઇને કોઇનો જીવ લેવા માટે જવાનું હોય જેથી તેને સમય હોતો નથી તેમ છતા આસો સુદ બીજના દિવસે નક્કી કર્યા પ્રમાણે યમ તેની બહેન યમીના ઘરે જમવા માટે જાય છે. તે દિવસથી ભાઇ બીજનો તહેવાર મનાવવામાં આવે છે.



**દિપાવલીની શુભકામના...**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**જ્યાં ભેદ છે ત્યા ભય છે.**

## રેડ રીબન કલબ

શાળાકીય એઈડ્સ શિક્ષણ (સ્કુલ એડોલેસન્ટ એજયુકેશન) બાદ ગત વર્ષથી દરેક યુનિવર્સિટીઓને તેમના સંચાલન તળેની કોલેજોમાં રેડ રીબન કલબ સ્થાપવા અંગેની કામગીરી ચાલી રહી છે તેના ભાગ રૂપે કે.કે. મેમોરીઅલ ટ્રસ્ટ–ઢસા દ્વારા ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની રેડ રીબન કલબના સભ્ય વિદ્યાર્થી ભાઇ–બહેનોની એક તાલીમ તા.૧૩ થી ૧૫ સપ્ટેમ્બર ૦૮ દરમ્યાન ઢસા મુકામે યોજાઇ ગઇ.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર–અમરેલી તેમના આ વિષય સબંધી કાર્યના અનુભવની બાબતે આ તાલીમાર્થીઓ સાથે તા. ૧૩/૯/૦૯ ના રોજ સંવાદ રચ્યો હતો. રેડ રીબન કલબના કાર્યોમાં મુખ્યત્વે સ્વૈચ્છિક રકતદાન સહિત જાતિય રોગ, વર્તનમાં પરિવર્તન, કાઉન્સેલીંગ અને સ્ટીગ્મા ડીસ્ક્રીમીનેશન બાબતે વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રતિનિધિશ્રી ધીરુભાઇ વાગડીયાએ માહિતી આપી હતી. રેડ રીબન કલબના કાર્યો અને આ કલબની નિરંતરતા માટેની ધ્યાનમાં રાખવાની બાબતોનો પણ આ તાલીમ સેશનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૧૩/૯/૦૯ ના રોજ તાલીમ સેશન પૂર્ણ થતા તમામ તાલીમાર્થીઓ રેલી સ્વરૂપે ઢસા નગરમાં ફરી દરેક લોકોને એચઆઇવી/એઈડ્સ સબંધી માહિતી આપી હતી.

## એક મુઠ્ઠી અનાજ

હરિયાળી વોટરશેડ યોજના અંતર્ગત અમરેલી તાલુકા પંચાયત દ્વારા ગામ તરવડા, ચકકરગઢ અને ગાવડકા ખાતે ચાલતા સ્વસહાય જુથો છેલ્લા એક વર્ષથી કાર્યરત છે. આ જુથો બચત, આંતરિક ધિરાણ જેવી પ્રવૃતિઓ સાથે એક સામાજિક પ્રવૃતિ પણ કરી રહયા છે. આ પ્રવૃતિમાં તેઓ સર્વોદય પાત્ર નામની સામાજિક પ્રવૃતિ ચલાવી રહયા છે. જેમાં દરરોજ સ્વસહાય જુથોના દરેક બહેનો એક પ્લાસ્ટિકની બરણીમાં એક મુઠ્ઠી અનાજ પોતાના ઘરે એકઠુ કરે છે અને દરેક મહિલા સભ્ય આ અનાજ જુથની મીટીંગમાં આવી અને જમા કરાવે છે. આ એકઠુ થયેલું અનાજ ગામના કોઇ નિરાધાર, અશકત અને ગરીબ કુટુંબની ઓળખ કરી તેને કોઇ પણ જાહેરાત વગર આપવામાં આવે છે. જેનાથી બહેનોના જુથમાં એક આપવાની ભાવના વિકાસ લઇ રહી છે.

આ પ્રવૃતિ અમરેલી તાલુકાના ૩ ગામોનાં કુલ મળીને ૧૦ સ્વ સહાય જૂથની બહેનો કરી રહી છે. ૧૫૦ જેટલી બહેનોએ અનાજ એકઠુ કરી ૨૦ કુટુંબોને એક મહિના માટે ચાલે તેટલું અનાજ પુરુ પાડેલ છે.

આ બહેનોને અનાજ એકઠું કરવા માટેની પ્લાસ્ટિકની જાર (બરણી) વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા તરફથી આપવામાં આવેલ છે.

*દીપા ચૌહાણ*

**કયારેય કાદવ ના ફેકશો, તમારા હાથ ગંદા થશે.**

## સીડ વિલેજ –તાલીમ

ભારતવર્ષમાં એક સીજન દરમ્યાન પ્રમાણિત મગફળી બીજની જરૂરીયાત અદાજે ૧૫ લાખ મેટ્રિક ટનની રહે છે પરતું તેની સામે જાહેર સંસ્થાઓ બીજ ઉત્પાદન માત્ર ૪ થી ૫ ટકા જ કરે છે જેને કારણે નવી જાતોનું પ્રમાણ નહીવત દેખાય છે, દેશી જાતોનું પ્રભુત્વ છે. આ કારણથી ખેડુતો મોટે ભાગે પોતાના ઉત્પાદનમાંથી જ બીજનું વાવેતર કરે છે. આવી બાબતોને લઈ ખેડૂતોની તાલીમો આ માસ દરમ્યાન યોજાઈ. જેમાં બીજ ઉત્પાદનમાં રસ ધરાવતા ખેડુતોને બીજ ઉત્પાદન અંગે ટેકનીકલ માગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ. ઉત્પાદીત થયેલ બીજ ને ખેડુત પોતાની રીતે વેચવા માટે સ્વતંત્ર હોય છે. આ પ્રમાણે બીજ સમયસર અને કિફાયતી ભાવે મળી રહે છે. તેમજ બીજ ઉત્પાદન અને વેચાણમાં ખેડુતોનો ઉત્સાહ વધે છે. તેમજ ખેડુતોની પોતાની ભાગીદારી વાળા સંશોધનમાં જોડવાની ઈચ્છામાં પણ વધારો થાયછે. ગુજરાત રાજય બીજ નિગમ તેના વિક્રેતાઓ મારફત ખેડુતોને ફાઉન્ડેશન બિયારણ પુરૂ પાડે છે. ટેકનીકલ તાલીમ પુરી પાડે છે. જેમાં જમીન તૈયારીની યોગ્ય પધ્ધતીથી લઈ બીજ માવજત નિંદામણ નિયંત્રણ જતુંનાશક દવાની જરૂરિયાત અને તેનો અટકાવ તેમજ આંતરખેડનો સમય અને પધ્ધતી તેમજ વાવણી સુધીની વૈજ્ઞાનીક અભિગમ સાથેની ખેતી પધ્ધતી વિશેની સંપુર્ણ જાણકારી આપવામાં આવી હતી. તાલીમ દરમ્યાન સચિત્ર વિસીડી બતાવી, તેમજ મગફળીની બુકલેટ પણ દરેક ખેડુતને આપવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી.એ ભાડ, નાનુડી, ઉમરીયા, તાતણીયા, લાસા, ધાવડીયા, રબારીકા , પીપરીયા, વિસાવદર, સાળવા વગેરે ગામોના ૬૦૦ ખેડુતોને ટેકનીકલ તાલીમ પુરી પાડેલ છે. જેમાં ડાયાભાઈ, લખુભાઈ, અરવિદભાઈ અને વિપુલભાઈએ માર્ગદર્શન પરુ પાડેલછે.

## સોશ્યલ ઓડિટ

સોશ્યલ ઓડિટની કામગીરીમાં ત્રણ ગામમાં માહિતી એકત્ર કરી ગ્રામ સભા યોજવાનું આયોજન કરેલ છે.

## અસર ૨૦૦૯

તા. ૨૫ થી ૨૭ દરમ્યાન પ્રથમ દ્વારા ડાકોર મુકામે અસર ૨૦૦૯ના સર્વે માટે તાલીમકારોની તાલીમ યોજવામા આવી. જેમાં કોમલ જોષીએ ભાગ લીધો હતો.

## પરિવર્તન પ્રેરકોની બેઠક

સંગીતાબેન દવેની આગેવાની હેઠળ વી કેન અભિયાન સાથે જોડાયેલ પરિવર્તન પ્રેરકોની એક પરામર્શ બેઠક ૨૨/૯/૦૯ના રોજ હરિરાજ સંસ્થામાં રાખવામા આવી હતી.

## સમાજમાં દીકરીઓની સમાનતા માટે હકારાત્મક છબી ઉભી કરવી

દીકરીઓની ઘટતી જતી સંખ્યા એ ગર્ભાવસ્થાથી માંડી મૃત્યુ સુધી દીકરી સાથે થતાં લિંગભેદનું પરિણામ છે. પુત્રની આકાંક્ષા, દહેજ, બે બાળકોની નીતિ જેવા અનેક કારણોસર ગર્ભનું જાતિ પરિક્ષણ બાદ જો સ્ત્રીગર્ભ હોય તો તેનો નિકાલ કરી દીકરીઓને જન્મવા દેવામાં નથી આવતી, સ્ત્રી બાળકીના ઉછેર, આરોગ્ય અને પોષણમાં ભેદભાવ, નાની ઉંમરે લગ્ન અને ગર્ભાવસ્થા, વારંવાર પ્રસૂતિ વગેરેને કારણે સ્ત્રી અને બાળકીઓની ઓછી સંખ્યા અને નિમ્ન સ્વાસ્થ્ય, સામાજિક અને આર્થિક વિકાસ માટે જવાબદાર છે.

દીકરીઓને આ દુનિયામાં ન આવવા દઇ આપણે કુદરતના કાર્યમાં દખલગીરી કરી રહયા છીએ જેના લીધે આપણી સામાજિક પરંપરાઓ અને સંસ્કૃતિ જોખમમાં મુકાયા છે. જેના માઠા પરિણામો આપણને સ્ત્રી સાથે હિંસા, જાતિય શોષણ, બળાત્કાર, સ્ત્રીઓની લે–વેચના રૂપે જોવા મળી રહયા છે. જો દીકરીઓની સંખ્યા આ ઝડપે ઘટતી રહી તો એ દિવસો દૂર નથી જયારે આપણી દીકરીઓની સલામતી એ મોટો પ્રશ્ન બની રહેશે. જેના પરિણામે વહેલા લગ્ન સ્ત્રીઓ માટે ઠેરઠેર વેર ઝઘડા જેવી સમસ્યાઓ જોવા મળશે. આવા સમાજની કલ્પના કરતા જ આપણા રૂવાડા ઉભા થઇ જાય છે.જરા વિચારો જો ખરેખર આ સ્થિતિ ઉભી થશે તો આ વિશ્વ સમાજ માનવ જાત કોના થકી જીવીત રહેશે. શું આપણે બધા સ્ત્રી જાતિ અને વિશ્વના વિનાશ માટે જવાબદાર બનશું ?

ઉપરોકત બાબતને ઘ્યાનમાં રાખીને સમાજમાં દિકરીઓની હકારાત્મક છબી ઉભી થાય તે માટે ચેતના સંસ્થા દ્વારા ૨૦૦૧ થી ઘનિષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. જેના અંતર્ગત આ મુદ્દે સ્વૈચ્છિક સંસ્થાઓની ભાગીદારી વધારવા માટે કાર્ય શિબિર યોજવામાં આવી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે સ્વૈચ્છિક સંસ્થાઓની સમાજમાં દીકરીઓ માટે હકારાત્મક વાતાવરણ ઉભું કરવા તેમજ જાતિ પરિક્ષણ અને પસંદગી અટકાવવા માટે ઘડાયેલ પી.સી.પી.એન.ડી.ટી.એકટના અમલીકરણમાં ભાગીદારી વધારવી. આ કાર્યક્રમના ભાગરૂપે જીલ્લા સ્તરે લોક સંવાદ યોજવાનું વિચારવામાં આવ્યું છે.

આ કાર્યશિબિરમાં ગુજરાતની ૨૦ જિલ્લામાંથી ૩૦ સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લીધો છે. કાર્યશિબિર દીકરીઓની વર્તમાન સ્થિતિ ઘટતા જતા સ્ત્રી જાતિય ગુણોતરની સમાજ ઉપર અસર તેમજ સમાજમાં દીકરીઓ પ્રત્યેના પ્રચલિત વલણો અને વર્તણૂંકોમાં ફેરફારો લાવવા માટે લોકોની માનસિકતા અને વિચારધારા બદલવા માટે શું કરી શકાય તે વિશે ચર્ચા/સંવાદ કરવામાં આવેલ.

**પ્રકૃતિ પોતાને પ્રેમ કરનારને કદી દગો દેતી નથી.**

આ કાર્યશિબિર દરમ્યાન ગુજરાત સરકારના પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ અને કમિશ્નર ડો. અમરજીતસિંહ, પી સી પી એમ ડી ટીના સલાહકાર ડો. રાણાવત, ગુજરાત યુનિવર્સિટીના સમાજ કાર્ય વિભાગના વડા ડો. ગૌરાંગ જાની, સ્ટેન્ડિંગ કાઉન્સિલર (ભારત સરકાર) ડો. અમી યાજ્ઞિક દ્વારા ચર્ચા થઇ.

આ કાર્યશિબિર દરમ્યાન દીકરીઓની સંખ્યા ઘટવાથી સમાજમાં જે કટોકટી ઉભી થઇ છે તે માટે આ સામાજીક પરિસ્થિતિમાં સુધારણા લાવવા માટે અનેક ઉપાયો સુચવવામાં આવ્યા. જેમાં ખાસ કરીને દીકરીઓ સાથે આજીવન થતા ભેદભાવો ડામવા વિવિધ જાતિ પંચો, વિભાગો/જાહેર પ્રચાર માધ્યમો સાથે સતત સંવાદ થવો જરૂરી છે. પ્રભાવી મહિલાઓને લગતા કાયદા–યોજનાઓનું સકારાત્મક અમલીકરણ અનુભવોનો મોટા પાયે પ્રચાર–પ્રસાર કરવાની જરૂરિયાત નિકળી આવી હતી.

આ ઉપરાંત યુવા વર્ગની આ મુદ્દે જાગૃતિ વધારવાના પ્રયત્નરૂપે નવરાત્રીની ઉજવણીમાં "સ્ત્રી શકિતની ઉજવણી ૯ દિવસ નહિ પણ ૩૬૫ દિવસ" તેવા સંદેશાનો પ્રચાર–પ્રસાર કરવાનું નકિક કર્યુ છે તેમજ તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૦૯ ના રોજ બાળકી દિવસની ઉજવણી કરવામાં આવી અને દિકરી દિવસની પણ ઉજવણી સ્વૈ. સંસ્થાઓ દ્વારા કરવામા આવી હતી.

**માસ દરમ્યાન કામગીરી**

| | |
|---|---|
| ૪ | ટીમ મીટીંગ – અમરેલી |
| ૭ | ઓકસફામ સાથે આયોજન મીટીંગમાં જોડાયા – અમદાવાદ |
| ૮ | હીવોઝના પ્રતિનીધિ સાથે એસકેવાવની ટીમ મીટીંગમાં હાજરી – અમદાવાદ |
| ૧૦/૧૧ | સમાજમાં દિકરીઓ પ્રત્યે સમાનતા કાર્યશિબિરમાં ભાગ લીધો. |
| ૧૯ | સોશ્યલ ઓડિટ સમિક્ષા મિટીંગ(અમદાવાદ)માં અહેવાલ રજુ કર્યો. |
| ૨૦ | જનપથની સાધારણસભામાં કા. સ. સામેલ થયા (અમદાવાદ) |
| ૨૩ | નાબાર્ડ દ્વારા એસએચજી ફીલ્ડ વર્કર ટ્રેનિંગમાં જોડાયા, (હરિરાજ, અમરેલી) |
| ૨૪ | બાળકી દિવસની ઉજવણી (હરિરાજ, અમરેલી) |
| ૨૫ | પ્રવાહની વાર્ષિક સાધારણ સભામાં કા. સ. સામેલ થયા (અમદાવાદ) |
| ૨૫ થી ૨૭ | અસર સર્વે તાલીમકારોની તાલીમ – ડાકોર |
| ૩૦ | યુવા ઈવેન્ટ – ખાંભા |

***પોતે સુખી થવાનો રાજમાર્ગ છે, અન્યને સુખી કરવાનો.***

## વન સંરક્ષણ કાર્ય

વન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે રહી રીસોર્સ ઓર્ગેનાઈઝેશન તરીકે કાર્યરત હરિરાજ સંસ્થાની ટીમના સભ્યોએ ગ્રામ્ય સ્તરે લોકોની સાથે જંગલના સંરક્ષણ સવંર્ધન અને પુનઃ નિર્માણ માટે કામ હાથ ધરેલ છે.

આ કાર્યના પ્રાથમિક તબકકામાં વન વિભાગ સાથે રહી સંસ્થાની ટીમના સભ્યોએ ધરમપુર, હનમંતમાળ, પંગારબારી રેંજમા આવતા વિસ્તારોની મુલાકાત લઈ પ્રાથમિક બેઠકોમા ઉપરોકત પ્રોજેકટની માહિતી આપવામા આવી હતી.

પંગારબારી રેંજના મધુરી ગામે તથા ધરમપુર રેંજના બરુમાળ ગામે સહભાગી ગ્રામિણ ચકાસણી (પી.આર.એ) શરુ કરવામા આવેલ છે. ગામ લોકોને મળી સ્થાનીક સ્ત્રોત તથા લોકોની આર્થિક/સામાજિક સ્થિતિ અંગેની આંકડાકીય માહિતી મેળવી તેની ગામ લોકો સાથે રહી વાસ્તવિક ચકાસણી કરી માહિતીને ચર્ચામાં લીધી હતી. જેમા મુખ્યત્વે ગામનો નકશો, દિનચર્યા, સમયરેખા, ઋતુચક્ર ગુણાંકન, મુલ્યાંકન, પાઈ ચાર્ટ, સંપતિનો નિશ્રિત ક્રમ, ગોળ રેખાકૃતિ, જોડાણ રેખાકૃતિ, ઐતહાસિક અવલોકન તથા પદચલન જેવી પધ્ધતિનો ઉપયોગ કરવામા આવ્યો હતો.



## પી.આઈ.એમ.સી. મીટીંગ તથા ફીલ્ડ વર્કર તાલીમ

તા.૨૮/૮/૦૯ ના રોજ સ્વ સહાય જૂથોની બેંક લીકેજની રણનીતિ તૈયાર કરવા તથા જૂથોના ખાતા ખોલાવવા અને ગ્રેડીંગ અંગે ચર્ચા–વિચારણા કરવા નાબાર્ડના એજીએમ તથા ખાંભા તાલુકાનાં બેંક મેનેજરશ્રીઓ સાથે ખાંભા તાલુકામાં સંસ્થાના કાર્યકરોની ઉપસ્થિતિમાં ત્રિમાસિક સમીક્ષા કરવામા આવી હતી. તા. ૨૩/૯/૯ના રોજ અમરેલી જીલ્લામાં સ્વ સહાય જુથો સાથે કાર્યરત સ્વૈ. સંસ્થાઓના ક્ષેત્રીય કાર્યકરો માટે કાર્યશાળા રાખવામા આવી હતી. જેમાં અનુભવી કાર્યકરોએ પોતાના અનુભવો વહેચ્યાં હતા.

**સો હાથથી કમાઓ અને હજાર હાથથી દાન કરો.**

## ક્રોધનો પ્રકોપ

ક્રોધ એ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે. તે માણસને છીન્ન ભિન્ન કરી મુકે છે. જે મનુષ્યનું મન ડરપોક હોય, ભયમાં હોય કે ગૂંચવાડામાં સપડાયું હોય તે વધુ ક્રોધિત હોય છે. ઝંઝાવાતની જેમ ક્રોધ આવે છે અને બધુ વેર–વિખેર કરી જાય છે પછી આપણને પસ્તાવો પણ થાય છે. પણ કહેવત છે ને કે "અબ પછતાયે કયાં હોગા જબ ચિડિયા ચૂગ ગઇ ખેત" એટલેકે કોઇ એવુ કાર્ય કર્યુ હોય કે જેનાથી નુકશાન થયું હોય પણ નુકશાન કર્યા પછી પસ્તાવાનો કોઇ અર્થ નથી કારણ કે નુકશાન તો થઇ જ ગયું છે. તમારો પસ્તાવો તમારા ક્રોધને રોકી શકતો નથી એ માટે તો ક્રોધના સ્વરૂપને જાણવું જોઇએ. માત્ર ક્રોધને રોકી રાખવાથી શાંતિ મળતી નથી.

આમ તો ક્રોધનું મૂળ વાતાવરણ ઉપર વધુ આધાર રાખે છે. એવુ કહેવાય છે કે કોઇ પણ ગુના પાછળ વ્યકિત નહિ પણ વાતાવરણ જવાબદાર હોય છે. કોઇ વ્યકિતનાં ઉછેરમાં ઉણપ રહી હોય, ભેદભાવ રાખવામાં આવ્યો હોય અથવા તો કોઇ વ્યકિતને પુરતો પ્રેમ ન મળયો હોય કે પ્રેમનો અભાવ હોય તે વ્યકિત વધુ ક્રોધિત હોય છે, તે પ્રેમ, લાગણી, હૂંફનો ભૂખ્યો હોય છે.

ક્રોધથી સ્મરણશકિત ઓછી થાય છે, શરીર પરનો કાબું ખોવાય છે, વ્યકિત હિંસક બને છે માટે ક્રોધને કાબુમાં કે શાંત કરવા એકાગ્રતા જરૂરી છે. કુદરતે આપણને સ્મરણશકિત આપી છે તેમ વિસ્મરણશકિત પણ આપી છે જે સંબંધો કટુતા, ક્રોધ, વેરભાવના, પીડા, સંતાપ જન્માવે તેને ભૂલતા શીખવાનું છે.

*(સંકલન : કોમલ જોષી)*

## માં

બાળકનાં અંતઃકરણમાં અધર પર રમતા પ્રભુનું બીજુ નામ "માં" છે.

પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક જગ્યાએ પહોચી વળવાનું ઇશ્વર માટે અશકય થયું એટલે તેણે "માં" નું સર્જન કર્યુ.

માંની મમતાનું એક બિંદુ અમૃતના સમુદ્ર કરતા વધારે મીઠું હોય છે.

માતાનાં હાથના સ્પર્શ તરસ્યા માટે જલધારા સમાન હોય છે.

માતાનો પ્રેમ દરેક વ્યકિત માટે જીવનનો આશીર્વાદ છે.

સાચુ સ્વર્ગ માતાના ચરણોમાં છે.

માતૃત્વમાં જ નારિત્વની પૂર્ણતા છે.

તારા આકાશની કવિતા છે, માતા પૃથ્વીની કવિતા છે.

માના વાત્સલ્યમાં જગતભરનું રસાયણ ભરેલું છે અને તેની રાસાયણીક પ્રક્રિયાથી માનવ માત્રનું કલ્યાણ થાય છે.

*(સંકલન : પ્રતિભા મારૂ)*

**દિકરી વગર સૂનો સંસાર.**

## બ્યુટી પાર્લર તાલીમ



હરિરાજ સંસ્થા દ્વારા ચાલતી સ્વ સહાય જુથની કામગીરી અન્વયે નાના સમુહમાં ચાલતી પ્રક્રિયાના ભાગ રુપે ખાંભા મુકામે નાબાર્ડ તરફથી કૌશલ્ય સુધારણા માટે બ્યુટી પાર્લર તાલીમ વર્ગ શરુ કરેલ છે. આ તાલીમમાં ખાંભા તથા આસપાસના ગામોના ૩૦ તાલીમાર્થી બહેનો જોડાયા છે. જેમાં તાલીમાર્થીઓને જુદી જુદી બ્યુટી ટીપ્સ જેવી કે, આઇબ્રો, મેનીકયોર, પેડીકયોર, ફેશ્યલ, મહેંદી, દુલ્હન શણગાર વિગેરે શિખવવામાં આવે છે. અનુભવી બ્યુટીશીયન ગીતાબેન રાઠોડ કોર્સ ઈન્સ્ટ્રકટર તરીકે ફરજ બજાવે છે આ ઉપરાંત વિવિધ તજજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને વૈકલ્પિક રોજગાર તેમજ આર્થિક સહયોગ માટે બેંક લોનની સુવિધા સંબંધી જાણકારી આપવામા આવે છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ખાનદાની બજારમાં નહિ પણ વારસામાં મળે છે.**